## સાથીયા પુરાવો આજ, દીવડા પ્રગટાવો આજ, આજ મારે આંગણે પધારશે મા-પાવાવાળી...



## આસોની અજવાળી રાતના આછેરા અજવાળામાં અંબાની આરાધના

# આજથી નવલા નવરાત પર્વનો પ્રારંભ

**નવદુર્ગાની ભકિતમાં નગર તરબોળ થશે : નવયૌવન સહીત સૌ કોઇ ગરબાની રંગતમાં જોડાશે : નવરાત પર્વને અનુલક્ષી નગરજનોમાં અનોખો ઉત્સાહ : કલ્ચરલ ફોરમના ગરબા મહોત્સવમાં ગબ્બરના થીમ પર ગરબા મહોત્સવ : લાયન્સ કલબ દ્વારા પણ ચ-૩ મેદાન ખાતે ભવ્ય નવરાત્રિ મહોત્સવ : સેકટરોમાં શેરી વળાવી માતાજીના ઓવારણા લેવા માટે ભાવિકોમાં ઉત્સાહ : ખૈલેયાઓ પણ શણગાર સજી ગરબે ઘુમવા ઉત્સુક**

ગાંધીનગર તા ૯

શેરી વળાવી સજ્જ કરુ ને ઘેર આવો રે...નવદુર્ગાની નવરાત ...નો આજથી પ્રારંભ થશે. આસોની રઢિયાળી રાતના આછેરા અજવાળે નગરમાં ગરબાની પણ ગરબે ઘુમવા માટે સજ્જ છે. શહેરના સેકટરોમાં શેરી ગરબાની જાકમજોળ વચ્ચે સંસ્થાકીય ગરબા મહાત્સવનુ આયોજન પણ કરવામાં આવ્યુ છે. કલ્ચરલ ફોરમ દ્વારા આ વર્ષે ગબ્બરના થીમ પર મહોત્સવને અનુલક્ષી અરવલ્લીની ગિરીમાળા અને ભવ્ય ગબ્બરનુ નિર્માણ કરાયુ છે. જયારે લાયન્સ અને લાયોનેસ કલબ દ્વારા પણ ચ-૩ ગરબા મેદાન ખાતે નવરાત્રિ મહોત્સવનુ આયોજન કરવામાં



રમઝટ જામશે. નવલા નવરાત પર્વને ઓવારણાં લેવા માટે ભાવિકો ઉત્સુક છે. માતાજીની ભકિત આરાધનાના પર્વના આગમન ટાંણે નગરમાં અનોખી સાંસ્કૃતિક અને આધ્યાત્મિક ચેતના જાગૃત થઈ છે. નવદુર્ગાના આ પર્વમાં નવયૌવન ગરબા મેદાન તૈયાર કરાયુ છે. અંબાજી નિજ મંદિરથી ગરબા મેદાનમાં પ્રસ્થાપિત કરાયેલી માતાજીની દિવ્ય જયોતની સાક્ષી વચ્ચે નવદુર્ગાની આરાધનાનો ઉત્સવ આરંભાશે. સે-૮ ના સમર્પણ મેદાનમાં નવરાત્રિ આવ્યુ છે. માતાજીના આગમન ટાંણે સેકટરોની શેરીઓ વાળીને સજ્જ કરી દેવામાં આવી છે. સેકટરોમાં રંગબેરંગી રોશનીની જાકમજોળ વચ્ચે ગરબાની રમઝટ જામશે. ખૈલેયાઓ પણ ટ્રેડીશનલ

● અનુસંધાન પાન-૭

## સવારે ૭:૨૭ કલાકે ઘટ સ્થાપન માટે શ્રેષ્ઠ મુહુર્ત

માતાજીના નવલા નોરતાના પ્રારંભે સવારે ઘટ સ્થાપન માટે ૭ : ૨૭ નો સમય શ્રેષ્ઠ છે. જયારે નવરાતના પ્રારંભે એક નોરતુ ઓછુ છે. અલબત્ત એકમના પ્રારંભ બાદ તુરંત જ બીજનો ક્ષય છે. જયારે ત્રીજ શરૂ થઈ જાય છે . નગરના ધર્માધ્યક્ષ ફુલશંકર શાસ્ત્રીજીએ આ અંગે જણાંવ્યુ હતુ કે નવરાતના પ્રારંભે ઘટ સ્થાપન માટે સવારે ૭ : ૨૭ કલાકનુ શ્રેષ્ઠ મુહુર્ત છે.

## જયોતિ મહીલા મંડળ દ્વારા નવરાતના પ્રારંભે આજે ફરતા ગરબા સ્પર્ધા

નવલા નોરતાના પ્રારંભે આજ રાતથી નગરમાં ગરબાની રમઝટ જામશે. જયારે નવરાત્રિના પ્રારંભે જ નગરની સૌથી જુની મહીલા સંસ્થા જયોતિ મહીલા મંડળ દ્વારા વિવિધ વયજુથના ફરતા ગરબા સ્પર્ધાનુ આયોજન કરવામાં આવ્યુ છે. જયોતિ મહીલા મંડળ આયોજિત આ સ્પર્ધા સે-૨ ૩ કડી કેમ્પસમાં ગેટ નં-૬ પાસે સ્થિત ખીમજી વિશ્રામ હોલ ખાતે બપોરે ૧૨ :૩૦ કલાકે શરૂ થશે. આ પ્રસંગે નગરના અગ્રણી કૃષ્ણકાન્ત જહાં દિપ પ્રાગ્ટય કરી સ્પર્ધાને ખુલ્લી મુકશે. જયારે નગર અગ્રણી અરૂણ બુચ, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, કડી કેમ્પસના ડો વીણાબેન પટેલ તેમજ અશ્વિન મહેતા સહીતના આગેવાનો હાજરી આપશે. આ સ્પર્ધા દરમિયાન વિવિધ વયજુથમાં ૧૪૦૦ સ્પર્ધકો ભાગ લશે. ૫ વર્ષની નાની બાળકી થી માંડીને ૮૦ વર્ષના મોટેરી ઉંમરના પણ ફરતા ગરબા સ્પર્ધામાં ભાગ લેશે. જયારે તમામ સ્પર્ધકોને લ્હાણી તેમજ વિવિધ વયજુથમાં બમ્પર ઈનામ ઉપરાંત ૧૫૦ જેટલા ઈનામો પણ એનાયત કરવામાં આવશે તેમ જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચે જણાંવ્યુ છે.

# ગાંધીનગર સિવિલ હોસ્પિટલ જ ડેન્ગ્યુ જેવા રોગનુ ઉદ્‌ભવસ્થાન બની

**સિવિલ કેમ્પસમાંથી જ ત્રણ કેસ ડેન્ગ્યુના મળ્યા : સિવિલ અને હોસ્ટેલના ધાબા પરથી મોટી સંખ્યામાં બ્રિડીંગ મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર સિવિલ હોસ્પિટલના કેમ્પસમાંથી જ ત્રણ કેસ ડેન્ગ્યુના મળી આવતાં શહેરી મેલેરિયા તંત્ર ચોંકી ઉઠ્યુ છે અને સિવિલ હોસ્પિટલના ધાબા પર જ મોટી સંખ્યામાં મચ્છરોના બ્રિડીંગ મળી આવતાં આ મુદ્દે પી.આઈ.યુ.ને તાત્કાલિક પગલાં લેવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

અમદાવાદ સિવિલ પછી ગાંધીનગર સિવિલના કેમ્પસમાંથી જ ડેન્ગ્યુના દર્દીઓ મળતાં શહેરી મેલેરિયાતંત્રએ તાત્કાલિક એન્ટી લારવેલની કામગીરી કરી હતી.

મળતી વિગતો પ્રમાણે મેડીકલ કોલેજની હોસ્ટેલ, હોસ્પિટલનું સંકુલમાં પાણીની ટાંકીઓ ઓવરફલો થયા પછી પાણીનો નિકાલ યોગ્ય રીતે ન થતાં આ મચ્છરોના બ્રિડીંગ મોટી સંખ્યામાં ઉત્પન્ન થયા હતા. તંત્રની ટીમની તપાસમાં ટાંકીઓના ઢાંકણા પણ ન હોવાની ગંભીર બાબત પણ ધ્યાને આવી છે. શહેરી મેલેરિયા તંત્રએ આ અંગે વારંવાર પી.આઈ.યુ.ને સૂચનાઓ આપ્યા પછી પણ પગલાં લેવામાં આવ્યા ન હતા. આજે હોસ્પિટલના કેમ્પસમાંથી જ ત્રણ ડેન્ગ્યુના કેસ મળી આવ્યા છે. આ સિઝનમાં સે. ૧૨એ વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ બની ઉભરી રહ્યુ હોવાથી તંત્રએ પણ સઘન સર્વેલન્સની કામગીરી હાથ ધરી છે. શહેરમાં આ વખતે ડેન્ગ્યુના કેસોની સંખ્યા વધીને ૭૫ જેટલી થઈ હોવાનું જાણવા મળેલ છે. વાહક જન્ય રોગચાળા માટે ૨૦૧૬ની સ્થિતિનું પુનઃ નિર્માણ થઈ રહ્યું હોય તેવુ ચિત્ર હાલ ઉપસી રહ્યુ છે.

# પ્રાં. શાળાઓનું સત્રાંત મૂલ્યાંકન હવે ૨૪મીથી શરૂ થશે

**બાહ્ય મૂલ્યાંકન માટે પણ સરકારનો સવિશેષ આગ્રહ તેમજ પેપરલીકની ઘટનાઓ ન બને તે માટે પુરતી કાળજી લેવા પણ કડક તાકીદ**

ગાંધીનગર, તા. ૯

જિલ્લામાં પ્રાથમિક શાળાઓની પરીક્ષા બે દિવસ પાછી ઠેલવાનો નિર્ણય રાજ્ય સરકાર દ્વારા લેવાયો છે. આ પરીક્ષાઓ જે ૨૨મી ઓક્ટો.થી શરૂ થવાની હતી તે હવે ૨૪ ઓક્ટો.થી શરૂ થશે અને ૧લી નવેમ્બર સુધી ચાલશે.

રાજ્ય સરકારના પ્રાથમિક શિક્ષણ નિયામક દ્વારા આ અંગે એક ખાસ પરિપત્ર પણ જારી કરી દેવામાં આવ્યો છે. પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી દ્વારા પરીક્ષાઓ અંગે ખાસ ૧૨ જેટલી સૂચનાઓ પણ આ પરિપત્રમાં આપી છે. પેપરમાં ભાષા શુદ્ધિ જાળવા પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે તેમજ પેપરલીકની ઘટના ના બને તે માટે જિલ્લા શિક્ષણ સમિતિને વિશેષ કાળજી અને જવાબદારી સોંપવામાં આવી છે.

સત્રાંત મૂલ્યાંકનમાં બાહ્ય મૂલ્યાંકનની નીતિનો અસરકારકતાથી અમલ કરવાની સાથે પગાર કેન્દ્રની શાળાઓમાં જ અરસપરસ બાહ્ય સુપરવીઝનની કામગીરી સોંપાય તે ઈચ્છનીય હોવાનું પણ જણાવાયુ છે.

● અનુસંધાન પાન-૭

# રક્ષાશકિતથી ગીફટ સીટીને જોડતા માર્ગ પર ૧૩૨ એલ ઈ ડી લાઈટ લાગશે

**માર્ગ પર એલ ઇ ડી લાઇટની ઝળહળા માટે ૧.૪૮ કરોડનો ખર્ચ કરાશે**

ગાંધીનગર તા ૯

ગાંધીનગર નજીક આકાર લેતા ગીફટ સીટીને જોડતા બ્રીજનુ કામ પુર્ણ કરી દેવાયુ છે. જયારે સિગ્નેચર બ્રીજ સહીત બિઝનેસ હબ તરીકે ઉભરતા ગીફટ સીટીને અનુલક્ષી આનુસંગિક સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે. રક્ષાશકિતથી ગીફટ સીટીને જોડતા માર્ગ પર સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરાયુ છે. આ માર્ગ પર એલ ઈ ડી લાઈટના ૧૩૨ થાંભલા નાંખવામાં આવશે.

ગાંધીનગર નજીક બિઝનેસ હબ તરીકે ઉભરતા ગીફટ સીટીને અનુલક્ષી નવુ રોડ નેવવર્ક તેમજ નવા બ્રિજને તૈયાર કરી દેવાયો છે. જયારે ગીફટ સીટીમાં નવા ટાવરો ઉભા થતા બિઝનેસને લગતી વિવિધ ગતિવિધિઓનો વ્યાપ પણ દિન પ્રતિદિન વધતો જાય છે. આવા સંજોગોમાં આ વિસ્તારમાં આનુસંગિક માળખાગત સુવિધાઓ ઉભી કરવા માટે પણ તેજ ગતિવિધિઓ આરંભી દેવામાં આવી છે. રક્ષાશકિતથી ગીફટ સીટી તરફ જતા માર્ગ પર સ્ટ્રીટ લાઈટનુ કામ શરૂ કરી દેવાયુ છે. આ માર્ગના રૂટમાં હાઈટેન્શન લાઈન પસાર થતી હોવાથી ટેકનિકલ પરિબળોનો અભ્યાસ કરીને સ્ટ્રીટ લાઈટનુ કામ હાથ ધરાયુ છે. જેના લીધે આ રૂટમાં સ્ટ્રીટ લાઈટના પોલને થોડી નીચી હાઈટ પર લગાવાશે. જેથી હાઈટેન્શન લાઈનનો અવરોધ નિવારી શકાય. ટેકનિકલ દ્રષ્ટીએ ગ્રાઉન્ડ કલીયરન્સ ઘટાડીને સ્ટ્રીટ લાઈટનુ કામ કરવામાં આવશે. આ માર્ગ પર ૧૩૨ જેટલા સ્ટ્રીટ લાઈટના થાંભલા નાંખવામાં આવશે. જયારે આ કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. આ કાર્યયોજના પાછળ રૂ ૧.૪૮ કરોડનો ખર્ચ કરવામાં આવશે. ગીફટ સીટીને અનુલક્ષી અગાઉ માર્ગ નવિનીકરણના કામો પણ હાથ ધરવામાં આવ્યા હતા. જયારે રાયસણમાં નવો સિગ્નેચર બ્રિજ પણ તૈયાર કરી દેવાયો છે. જો કે હજુ પણ ગીફટ સીટીને અનુલક્ષી જરૂરી માળખાગત સુવિધાના કામો હાથ ધરવામાં આવશે. જેથી રસ્તા લાઈટ સહીતની આનુસંગિક સુવિધાઓને યોગ્ય કરી શકાય

# ઉત્પાદનના અંદાજો મધ્યમ કે નબળા રહેવાના સંકેતોથી ખેડૂતો નિરાશામાં ગરકાવ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગર જિલ્લામાં વરસાદની ઘટ ૫૨ ટકા જેટલી રહેતાં જિલ્લામાં પાક. ઉત્પાદનની સ્થિતિ પણ મધ્યમ કે નબળી રહેવા પામી છે. ખેડૂતો માટે ખુબ જ નિરાશાજનક પરિસ્થિતિ ઉભી થતાં તે નારાજગીમાં ગરકાવ થઈ જવા પામ્યો છે.

જિલ્લામાં બે તબક્કે ખરીફ સિઝનનું વાવેતર કર્યા પછી પણ ઉત્પાદન ઓછુ આવતાં ખેડૂતની કેડ તુટી જવા પામી છે. મળતી વિગતો પ્રમાણે વરસાદની ૫૨ ટકા જેટલી ઘટ અને ભાદરવાની આકરી ગરમીના કારણે કપાસનું ઉત્પાદન જે એક વિઘાએ ૩૦ મણ સુધી થતુ હતુ તેને બદલે ૧૫ મણ સુધી થાય તેવા અંદાજો છે.

આ ઉપરાંત જિલ્લામાં પિયત માટે સિંચાઈની સુવિધા નહિવત હોવાને કારણે અસહ્ય ગરમીને પગલે એરંડાના પાકમાં પણ પાણીની ખેંચ વર્તાવા લાગી છે. કેટલીક જગ્યાએ પાણીના અભાવે એરંડા સુકાવાની શરૂઆત પણ થઈ ગઈ છે.

કપાસનો પાક પાકટ અવસ્થાએ પહોંચ્યો છે અને બીજી તરફ મોંઘી મજૂરી એ ખેડૂત માટે મોટી ચિંતા બની છે. કપાસના પાકમાં ઉત્પાદન ગરમીને કારણે ઓછુ થયુ છે. ખેડૂતો એવી વાતો કરતા થયા છે કે કિરતાર રૂઠ્યો છે એટલે અમારી સ્થિતિ બગડી છે, સરકારે પણ પેટ્રોલ-ડિઝલનો ભાવ વધારો નાથ્યો નથી. આ બધી સ્થિતિને લઈ ખેડૂત નિરાશામાં ગરકાવ થઈ ગયો છે.

કપાસના ભાવ પણ લગભગ ગત વર્ષ જેટલા જ રહેશે તેવા અનુમાન છે. તેમજ કપાસનો આખો પાક એકાદ વીણીને અંતે જ પુરો થઈ જશે. સામાન્યતઃ બે થી ત્રણ વીણી કપાસના પાકમાં થતી હોય છે.

દિવેલાના પાકમાં પણ પાણીની ખેંચ વર્તાઈ રહી છે. આ ઉપરાંત મકાઈ અને ઘાસચારાના પાકમાં પણ પાણીની ખેંચને લઈ વિપરીત અસરો થવાની સંભાવના ઓછી છે. ગાંધીનગરની પૂર્વ પટ્ટીમાં મગફળી સહિતના પાકોની કાપણીનો પ્રારંભ થઈ ગયો છે. વરસાદની ઘટને કારણે પણ મગફળીની ગુણવત્તા પર અસરો થઈ છે. મગફળીનું ઉત્પાદન ૨૦ મણની આસપાસ થવાના અંદાજો છે. જે ગત વર્ષની તુલનામાં ઓછુ રહેશે તેમ પણ ખેડૂતો સાથે સંકળાયેલ સૂત્રો સાથેની વાતચીતમાં જાણવા મળેલ છે.

જિલ્લામાં કપાસના પાકનું ૨૨ હજાર હેકટર, એરંડા (દિવેલા)નું વાવેતર ૨૫ હજાર હેક્ટરમાં, મગફળીનું વાવેતર ૫૮૦૦ હેક્ટરમાં મળી કુલ ૧ લાખ ૬૦ હજાર હેક્ટરમાં ખરીફ વાવણીનું વાવેતર થયુ હતુ.

જિલ્લામાં આ વખતે ઉત્પાદન પર દાયકાઓની સૌથી વધુ ગંભીર અસરો પ્રતિકુળ હવામાનને કારણે પડી રહી છે.

## સીટી સ્કવેર અંગે મનપામાં બેઠક મળી

ગાંધીનગર, તા. ૯

સ્માર્ટસીટી અંતર્ગત સે. ૨૨માં નિર્માણ પામનાર સીટી સ્કવેર પ્રોજેક્ટ અંગે લોકોના પ્રતિભાવ જાણવા મનપાએ આજે ૨૦થી વધુ આગેવાનોની બેઠક બોલાવી હતી.

આ બેઠકમાં સીટી સ્કવેર પ્રોજેક્ટ અંગેનું પ્રેઝન્ટેશન આ આગેવાનોને રજુ કરવામાં આવ્યું હતું. આ બેઠકમાં અક્ષરધામ પછી આ સીટી સ્કવેર એ નગરનું આગવુ માણવા લાયક સ્થળ બનશે તેવો દાવો કરાયો હતો.

આ બેઠકમાં મેયર પ્રવિણભાઈ પટેલ, ધારાસભ્ય શંભુજી ઠાકોર, કાઉન્સીલરો ઉપસ્થિત રહ્યા હતા.


www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય



ગાંધીનગરમાં જાહેરાત માટેનું
અસરકારક માધ્યમ
ટ્યૂકડી જાહેર ખબર દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧, ફોન - ૨૩૨૩૭૫૭૧



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BRIDGESTONE CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN® ashirvad BENELAVE™ DR. FIXIT TATA STEEL • PIPES • SHEETS ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com